॥ શ્રી વેંકટેશ્વરાય નમઃ ॥

# શ્રી બાલાજી દિવ્યાલયમ્, અમદાવાદ
# Sri Balaji Divyalayam, Ahmedabad

ધર્મકર્તા : કે. સુબ્બારાયુડુ
સરનામું : નિરમા યુનિવર્સિટીની સામે, એસ.જી. હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧.
Website: www.balajitemple.org Tel.: 7405060865 / 867 email: balajitemple.amd@gmail.com

To, ______________________________________________

______________________________________________

______________________________________________

## શ્રી વેંકટેશ્વર સ્વામીની ભક્તિમય સેવાના ૨૦ વર્ષો
## એક ચોરસ મીટર જમીનના દાન માટે અપીલ

માનનીય શ્રીમાન,

ભગવાન શ્રી વેંકટેશ્વરની મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા તા.૭ એપ્રિલ ૨૦૦૭ ના રોજ કરવામાં આવી હતી અને ત્યારબાદ શ્રી બાલાજી મંદિર ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આજે, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ભારતના વિવિધ ભાગોમાંથી દર મહિને ૫૦,૦૦૦ થી વધુ ભક્તો દર્શનાર્થે આવે છે. મંદિર પરિસરમાં નીચે મુજબના ભાગોનો સમાવેશ થાય છે.

- શ્રી બાલાજી મંદિર
- કલા અને સાંસ્કૃતિક કેન્દ્ર
- રહેવાની સુવિધા સાથેનો કલ્યાણ મંડપ (હોલ)

મંદિરની દૈનિક, સાપ્તાહિક, માસિક અને વાર્ષિક એવી તમામ પૂજાઓ અને સેવાઓ વૈખાનસા આગમ શાસ્ત્ર અનુસાર જ કરવામાં આવે છે. આ પવિત્ર વિધિઓ તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ્ (TTD), તિરુપતિમાં અનુસરવામાં આવતી સમાન પરંપરાગત પદ્ધતિ મુજબ કરવામાં આવે છે. દરેક પૂજા અને સેવામાં સમગ્ર માનવજાતના રક્ષણ, શાંતિ અને કલ્યાણ **(લોક રક્ષણ અને લોક કલ્યાણ)** માટે ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામીને પ્રાર્થના કરવામાં આવે છે.

મંદિર દ્વારા આપણી સમૃદ્ધ સંસ્કૃતિનું જતન કરવા, એકતાને પ્રોત્સાહિત કરવા અને આવનારી પેઢીઓને આધ્યાત્મિક મૂલ્યો આપવા માટે વિવિધ સાંસ્કૃતિક અને સામાજિક સેવા પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવે છે. આગમ શાસ્ત્રમાં નિર્ધારિત કર્યા મુજબ ૧૨ વર્ષ પૂર્ણ થયા પછી, વર્ષ ૨૦૧૯માં પ્રથમ **કુંભાભિષેકમ** (અષ્ટબંધન મહાસંપ્રોક્ષણ) કરવામાં આવ્યો હતો. આ શુભ અવસર દરમ્યાન ભગવાન મહાવિષ્ણુની અન્ય પરિવાર દેવતા મૂર્તિઓની સ્થાપના કરવામાં આવી. કુંભાભિષેકમ પછી મંદિરનું સ્થાન દેવાલયમાંથી **"દિવ્યાલયમ્"** તરીકે ઉન્નત થયું.

ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામીની દિવ્ય કૃપા અને ભક્તોના ઉદાર સમર્થનથી મંદિર હવે સેવાના ૨૦ ગૌરવપૂર્ણ વર્ષો પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યું છે, અને આગામી દ્વિતીય કુંભાભિષેકમ માટેની તૈયારી ચાલી રહી છે.

મંદિરના પવિત્ર અને દિવ્ય વાતાવરણમાં ભક્તો અલૌકિક આનંદ અને કૃતાર્થતાનો અનુભવ કરે છે. ઘણા ભક્તોએ એવી ઇચ્છા વ્યકત કરી છે કે પ્રાચીન મંદિરોની જેમ, મંદિર ટ્રસ્ટે આવનારી અનેક પેઢીઓ સુધી પૂજા

અને સેવાઓ અવિરતપણ ચાલુ રહે તેવી કાયમી વ્યવસ્થા કરવી જોઇએ. ભક્તોની આ પવિત્ર ભાવના અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને શ્રી બાલાજી મંદિર ટ્રસ્ટે મંદિર માટે કાયમી સંપત્તિઓનું નિર્માણ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં,

- હાલની સરકારી ભાડા પટ્ટે લીધેલી મંદિરની જમીનને કાયમી માલિકીની બનાવવી.
- તુલસી વનમ, ફૂલોનો બગીચો, પાર્વેતા ઉત્સવમ્ વગેરે માટે વધારાની જમીનનું સંપાદન
- દેવમૂર્તિઓ માટે આભૂષણો
- અવિરત પૂજા અને અન્નદાન માટે કોર્પસ ફંડ

પહેલાનાં સમયમાં, મંદિરોને રાજાઓ અને શાસકો દ્વારા સમર્થન મળતું હતું. તેઓ જમીન, સંપત્તિ, દાગીના અને અન્ય સંસાધનોનું દાન કરતા હતા, જેથી આવા અનુદાનોમાંથી થતી આવક દ્વારા સતત પૂજા-અર્ચના અને મંદિરની પ્રવૃત્તિઓ સુનિશ્ચિત થતી. આજના સમયમાં, મંદિરની પ્રવૃત્તિઓ માટે **ભક્તો અને દાતાઓનો ઘણો સહકાર મળે છે.**

આ પવિત્ર કાર્ય માટે ઓછામાં ઓછું **એક ચોરસ મીટર જમીનનું દાન** કરીને અથવા **કોર્પસ ફંડ** અને **મંદિરના અન્ય વિકાસ કાર્યોમાં** તમારી યથાશક્તિ રકમનું યોગદાન આપીને પૂરા દિલથી સહકાર આપવા નમ્ર અપીલ કરીએ છીએ.

ભક્તો માટે આ પવિત્ર કાર્યમાં ભાગ લેવા અને **શ્રી વેંકટેશ્વર સ્વામીના દિવ્ય આશિર્વાદ** પ્રાપ્ત કરવાની એક અમૂલ્ય તક છે.

દાન આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ ની **૮૦-જી હેઠળ કરમુક્ત** છે. આભારની અભિવ્યક્તિ રૂપે :

- રૂા. ૫૦ લાખ કે તેથી વધુ રકમનું દાન આપનાર દાતાઓના નામ મંદિર પરિસરમાં પ્રવેશદ્વારની નજીક (દશાવતારની બાજુમાં અથવા અન્ય યોગ્ય સ્થાને) પ્રદર્શિત કરવામાં આવશે.
- મંદિરના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસર અને આગામી કુંભાભિષેકમ નિમિત્તે એક **વિશેષ સ્મરણિકા (સોવેનિયર)** પણ પ્રકાશિત કરવાનું પ્રસ્તાવિત છે.

## કોર્પસ ફંડ અને બીજા કુંભાભિષેક માટે દાન

| કોડ | દાનની રકમ (રૂપિયામાં) | વિગતો |
|---|---|---|
| C1 | દસ લાખ | વર્ષમાં એકવાર, તમારી પસંદગીના કોઇપણ એક દિવસે, તે દિવસની તમામ પૂજાઓ તમારી અને તમારા પરિવારની હાજરીમાં કરવામાં આવશે અને તે દિવસ માટે ધર્મશાળામાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. |
| C2 | પાંચ લાખ | વર્ષમાં એકવાર, તમારી પસંદગીના કોઇપણ એક દિવસે, તમારી પસંદગીની ત્રણ પૂજા તમારી હાજરીમાં કરવામાં આવશે અને તે દિવસ મોં ધર્મશાળામાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. |
| C3 | ત્રણ લાખ | વર્ષમાં એકવાર, તમારી પસંદગીના કોઇપણ એક દિવસે તમારી પસંદગીની બે પૂજા તમારી અને તમારા પરિવારની હાજરીમાં કરવામાં આવશે. |
| C4 | એક લાખ | વર્ષમાં એકવાર, તમને ફાળવેલ કોઇપણ એક દિવસે અર્ચના અને તે દિવસની સવારની પૂજા તમારી અને તમારા પરિવારની હાજરીમાં કરવામાં આવશે. |
| C5 | પચાસ હજાર | વર્ષમાં એકવાર, તમને ફાળવેલ કોઇપણ એક દિવસે, તે દિવસની સાંજની પૂજા તમારી અને તમારા પરિવારની હાજરીમાં કરવામાં આવશે. |
| Other | કોઇ પણ રકમ | કોર્પસ ફંડ |

દાતાશ્રીઓ કોઇપણ રકમનું દાન આપી શકે છે. તમારા દાન દ્વારા ટ્રસ્ટ ભગવાનશ્રી વેંકટેશ્વર સ્વામીની સેવા કરે છે તથા સર્વેના કલ્યાણ માટે પ્રાર્થના કરે છે.

## જમીન માટે દાન

| કોડ | જમીન (ચો. મીટરમાં) | રકમ (રૂપિયા માં) |
|---|---|---|
| L1 | એક | Rs. 51,000/- |
| L2 | બે | Rs. 101,000/- |
| L3 | ત્રણ | Rs. 151,000/- |
| L4 | ચાર | Rs. 201,000/- |
| L5 | દસ | Rs. 501,000/- |
| L6 | પચાસ | Rs. 25,01,000/- |
| L8 | સો | Rs. 50,01,000/- |

નોંધ : તમે અન્ય કોઇપણ રકમ અથવા વસ્તુ રૂપે પણ દાન આપી શકો છો. દાન નીચેના નામ પર એકાઉન્ટ પેયી ચેક, ડ્રાફ્ટ અથવા ઓનલાઇન ટ્રાન્સફર દ્વારા કરવાનું રહેશે "AAMS-Balaji Temple Project" અથવા "Sri Balaji Divyalaya Charitable Trust" દાન આ સરનામે મોકલી શકાય છે. "શ્રી કે. સુબ્બારાયુડું, ધર્મકર્તા, શ્રી બાલાજી મંદિર, નિરમા યુનિવર્સિટીની સામે, ગાંધીનગર-સરખેજ હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧" અથવા ઇમેલ દ્વારા balajitemple.amd@gmail.com તમે નીચે આપેલ દાન ફોર્મ પણ ભરી શકો છો.

**ભગવાન શ્રી વેંકટેશ્વર સ્વામી તમને અને તમારા પરિવારને આરોગ્ય, સમૃદ્ધિ, શાંતિ અને આધ્યાત્મિક કલ્યાણના આશીર્વાદ આપે.**

**દૈવી આશીર્વાદ સાથે,**

**કે. સુબ્બારાયુડુ**
**શ્રી બાલાજી મંદિર ટ્રસ્ટ**

કૃપા કરીને ચેક/ડીડી નંબર સાથે દાન ફોર્મ અહીં મોકલોઃ શ્રી કે. સુબ્બારાયુડું, ધર્મકર્તા, શ્રી બાલાજી મંદિર, નિરમા યુનિવર્સિટીની સામે, એસ.જી. હાઇવે, છારોડી, અમદાવાદ-૩૮૨ ૪૮૧. ઓન લાઇન ટ્રાન્સફર માટેઃ કૃપા કરીને ઇ-મેલ દ્વારા ટ્રાન્સફરની વિગતો જણાવો. balajitemple.amd@gmail.com.

| દાન માટેના બેંક ખાતાની વિગતો (80 G) | સામાન્ય દાન માટેના બેંક ખાતાની વિગતો |
|---|---|
| Account Name: **AAMS-BALAJI TEMPLE PROJECT**<br>Bank Name: **AXIS BANK**<br>Account No: **911010040167804**<br>IFSC Code: **UTIB0001335**<br>Branch: Ghatlodia | Account Name: **SRI BALAJI DIVYALAYA CHARITABLE TRUST**<br>Bank Name: **YES BANK**<br>Account No:**118994600000039**<br>IFSC Code: **YESB0001189**<br>**Branch: Adani Shantigram** |
| **AAMS-BALAJI TEMPLE PROJECT** | **SRI BALAJI DIVYALAYA CHARITABLE TRUST**<br>**UPI ID**: yespay.bizsbiz181492@yesbankltd |












# ડોનેશન ફોર્મ

(દાતાએ ભરવાની વિગતો)

**દાતાનું નામ :** **મોબાઇલ નં. :**

**સરનામું :**

**પિન કોડ :**

**ઇમેલ :**

**અમે નીચે મુજબ દાન કરવા ઇચ્છીએ (દાન કોડ પસંદ કરો)**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| C1 | C2 | C3 | C4 | C5 | Other | L1 |
| L2 | L3 | L4 | L5 | L6 | L7 | L8 |

**રકમ : રૂપિયા** **ચેક/ડીડી/ટ્રાન્સફર નંબર :** **તારીખ :**

**Account selected:** AAMS-BALAJI TEMPLE PROJECT / SRI BALAJI DIVYALAYA CHARITABLE TRUST

**તારીખ** **દાતાની સહી અને સ્ટેમ્પ**

**શ્રી બાલાજી દિવ્યાલયમ્ દ્વારા ઉપયોગમાં લેવાશે**

**ક્રમ નં. :** **બુક નં. :** **રસીદ નં.** **રસીદની તારીખ:** **કોડ નં. :**

**દ્વારા એકત્રિત :**

**હસ્તાક્ષર** **નામ**